

## સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

*મળતો નથી સ્પષ્ટ ન્યાય ખેડૂ વિલાયા કરે છે!*
*ચોમેરથી પરેશાનીમાં ખેડૂ પિલાયા કરે છે!*
*ચિલાયા કરે, ઠેલાય અંત, રિબાયા કરે દુ:ખે-*
*ને શોષણના સાણસામાં ખેડૂ ભિડાયા કરે છે*
*('સમજુતિ' માં દો ગજની દૂરી)*

હાઈકુ

*'ભાવ' ની લીલા,*
*ટેકાનાં તર્કટથી -*
*પાથરે જાળ...*

*થશે આવક*
*બે વર્ષમાં - બમણી -*
*કોની ? ઈ તો ક્યો!!*

### ચિંતન

*આત્મા સાક્ષી વિભુ: પૂર્ણ એકો મુક્ત: ચિત્ અક્રિય: ।*
*અસંગો નિસ્પૃહ: શાંતો ભ્રમાત્ સંસારવાન ઈવ ॥*

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

આત્મા સાક્ષી છે, વ્યાપક છે, પૂર્ણ છે, એક છે, મુક્ત છે, ચૈતન્ય છે, અક્રિય છે, અસંગ છે, નિસ્પૃહ છે, શાંત છે - માત્ર ભ્રમને લીધે સંસાર જેવો લાગે છે.

અહીં આત્મા એટલે કે તું પોતે કેવો છે તે કહે છે, કેવો થઈશ કે કેવો થઈ શકે, એમ નથી કહ્યું પણ કેવો છે એ કહે છે : એમાં છે કે પૂર્ણ છો. તું જે છો અમે જેવો છો તેવો, પૂરેપૂરો જ છો. પરિપૂર્ણ જ છો. વિશેષ કાં થવાનું બાકી રહેતું જ નથી. અન્ય ઉપદેશકો અને અષ્ટાવક્ર વચ્ચે મુખ્ય ભેદ આજ છે. અન્ય ઉપદેશકો એમ કહે છે કે તમારે આમ થવું જોઈએ ને તેમ થવું જોઈએ. જયારે આ તો કહે છે કે ના એવું નથી. તમે આવા આવા છો જ. માત્ર એ જાણો. એ તરફ જાગો. જાગૃતિ કેળવો. દૃષ્ટિ કરો. આને જ કહેવાય સહજયોગ.

કબીર કહે છે ને 'સાધો સહજ સમાધિ ભલી.'

### સુવિચાર

- પ્રત્યેક વ્યક્તિ કો અપને આચરણ કા પરિણામ ધૈર્યપૂર્વક સહના ચાહીએ - **શેક્સપિયર**
- સાહેબ...!! જિંદગીને જોબ બનાવીને નહીં શોખ બનાવીને જીવો...!!
  જલસો પડી જશે - **ઈશિતા**
- સાચી પ્રામાણિકતા સાક્ષીઓને બોલાવતી નથી - **શોપન હોવર**
- ઉમદા હેતુઓ સારા કાર્યોનાં બીજ છે - **સંત ઓગસ્ટીન**
- વાક્ય બનવા શબ્દોનું જોડાણ જરૂરી છે....
  પણ સંવાદ માટે તો મનનું જોડાણ જરૂરી બને છે - **આલાપ દવે**
- 'આ દુનિયામાં મારું કોણ છે?' આ સવાલનો જવાબ જેની પાસે હોય એ નસીબદાર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : લીંડી પીપરના ચૂર્ણને ગાયના દૂધમાં માણખ સાથે લીંબુનો રસ મિક્સ કરી સેવન કરવાથી હૃદયશૂળ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નેપોલિયન યુદ્ધમાં અજેય રહીને આગળ વધી રહ્યો હતો. ત્યારે એક રાત્રે તે ભર ઊંઘમાં હતો ત્યારે એનો ખાસ સેનાપતિ આવ્યો. અને નેપોલિયનને ઊંઘમાંથી ઊઠાડ્યો. સેનાપતિએ કહ્યું, 'સર, દક્ષિણ મોરચા ઉપર દુશ્મનોએ અચાનક આક્રમણ કર્યું છે. અને આ સંજોગોમાં આપનું માર્ગદર્શન આપો.'

નેપોલિયન આંખો ચોળતો ઊભો થયો અને દીવાલ પણ ચોંટાયેલ ત્રણ નકશામાંથી એક નકશો ઉખાડી સેનાપતિને આપ્યો અને કહ્યું, 'આ નકશામાં બતાવ્યા પ્રમાણે યુદ્ધમાં વ્યૂહ રચના કરો. એમાં લખ્યા પ્રમાણે સામનો કરશો તો જરૂર દુશ્મન હારશે.'

સેનાપતિએ આશ્ચર્ય થયું કે એને જે અનુમાન કે કલ્પના સુધ્ધાં ન હતાં તે સંજોગોમાં અચાનક શું કરવું તેની પણ નેપોલિયને તૈયારી કરી રાખી હતી. નેપોલિયન સેનાપતિના આશ્ચર્યભાવને પામી ગયા. તેણે કહ્યું, 'હું હંમેશ સફળતાની જ આશા રાખું છું. તે છતાં નિષ્ફળતા મળે તો તેને સફળતામાં પલટાવી દેવા શું કરવું જોઈએ. તેનું આયોજન યુદ્ધના પ્રથમ દિવસથી કરી દઉં છું. તેથી મને નિષ્ફળતા મળતી નથી.'

સેનાપતિને નેપોલિયનની દીર્ઘદૃષ્ટિ માટે માન થયું.

# મજબૂત લોકશાહી દેશની વિશ્વને જરૂર છે

**તંત્રીસ્થાનેથી...**

ઓસ્ટ્રેલિયામાં જઈ એની જ ધરતી પર ભારતીય ક્રિકેટ ટીમે અજેય ગણાતી ઓસ્ટ્રેલિયન ટીમને પરાજિત કરી એ ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થાય એવી ઘટના છે. અદ્દલ એવી જ મોટી રાજકીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી ઘટના અમેરિકાના ઈતિહાસમાં બની રહી છે જેમાં ભારતીય તત્ત્વની સક્રિય સામેલગીરી કોઈ પણ ભારતવાસી કે ભારતવંશીને ગૌરવ લેવા જેવી જ લાગશે. પૂર્વ પ્રમુખ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અનુગામી તરીકે નવા ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખ જોસેફ આર. બાઈડન જુનિયર જે જો બાઈડનના હુલામણા નામે ઓળખાય છે તે શપથ લેનાર છે. એક ગંભીર પ્રકૃતિના સિનિયર રાજપુરુષ તરીકે જો બાઈડને એમની રાજકીય કારકિર્દી દરમિયાન અનેક ચઢાવ-ઉતાર જોયા છે. ઉંમરે પહોંચ્યા છતાં એમની ડેમોક્રેટ પાર્ટીએ રાષ્ટ્ર પ્રમુખપદના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા તે જ સૂચવે છે કે એમનું રાજકીય કદ કેટલું વજન અને વજૂદવાળું છે. બહુ જ શાણપણ દાખવીને જો બાઈડેને ઉપરાષ્ટ્રપ્રમુખ પદનાં ઉમેદવાર તરીકે ભારતવંસી મહિલા કમલા હેરિસને પસંદ કરી ટ્રમ્પના ભારતીય અમેરિકોના વોટ ખેરવી લેવાના પ્રયાસો પણ પાણી ફેરવી દીધું હતું. ટ્રમ્પની રાજનીતિ વંશીય ભેદભાવને પોષનારી હતી. કાળા-ગોરાના ભેદભાવની તિરાડને એમને રાજકીય સ્વાર્થ ખાતર મોટી ખાઈમાં ફેરવી દઈને વિશ્વની શ્રેષ્ઠ લોકશાહીને શરમજનક સ્થિતિમાં મૂકી દીધી હતી. ઓછામાં પૂરું હારી ગયા પછી પણ એ હાર સ્વીકારવા તૈયાર ન થયા અને પોતાના આંધળા, અબુધ સમર્થકોને સતત ઉશ્કેરતા રહ્યા. ગત છઠ્ઠી જાન્યુઆરીએ ગરિમાપૂર્વક સત્તાના હસ્તાંતરણની પ્રક્રિયામાં ખલેલ ઊભી કરીને ટ્રમ્પે અમેરિકાના ઈતિહાસને કલંકિત કરી દીધો હતો. અદાલતોએ અને મતદાતાઓએ સ્પષ્ટપણે એમને સત્તા છોડવાનો આદેશ આપ્યાં છતાં એ વ્હાઈટ હાઉસ છોડવા તૈયાર નહોતા તે કોઈ પણ સ્વતંત્ર રાષ્ટ્રના સર્વોચ્ચ નેતા કરતાં અમેરિકાના પ્રેસિડેન્ટને નીચી પાયરી પર ઉતારવા માટે પૂરતું કારણ બની રહે છે. આખરે સત્તા અને વ્હાઈટ હાઉસ છોડવાની અમેરિકન બંધારણે ફરજ પાડી અને એમના જ કાર્યકાળના ઉપરાષ્ટ્રપ્રમુખ માઈક પેન્સ સુધ્ધાં ખુલ્લખુલ્લાં એમની સામે પડ્યા ત્યારે એમના હાથ હેઠા પડ્યા હતા. વ્હાઈટ હાઉસમાં નવા રાષ્ટ્રપ્રમુખને ગરિમાપૂર્વક આવકારી એમને શપથ સમારોહ સ્થળ સુધી દોરી જવાની ફરજ પણ તેઓ ચૂક્યા છે. એમણે રિસામણે બેઠેલી રાણીની જેમ 'કોપભવન' માં જતા રહેવાનો વિકલ્પ સ્વીકારીને પ્રજા પર હંમેશને માટે એક સત્તાલાલચુ અને લોકતંત્રનાં મૂલ્યોને નકારનારા નેતા તરીકેની છાપ છોડી છે. એમની ઉશ્કેરણીના પગલે નવા રાષ્ટ્રપ્રમુખની શપથવિધિ સહિતના ઉપક્રમોમાં જડબેસલાક સુરક્ષા ગોઠવવી પડી જેથી કોઈ પણ અવાંછિત હુમલાને કે પ્રતિક્રિયાને પહોંચી વળી શકાય. જો બાઈડેન ધીરગંભીર પ્રકૃતિના વરિષ્ઠ નેતા હોઈ ટ્રમ્પને ટ્રમ્પની ભાષામાં જવાબ નથી આપતા. પરંતુ ખુદ ટ્રમ્પ શાસન દરમિયાન રાષ્ટ્ર સુરક્ષા સલાહકાર રહેલા પદાધિકારીએ ટ્રમ્પ એ પદ માટે લાયક નહોતા એવું વિધાન પોતાની આત્મકથામાં ટાંકીને એમના ચહેરા પરથી નકાબ ઉતારી દીધો છે. જો બાઈડેનની વિદેશનીતિ સંદર્ભે માઈગ્રન્ટ પ્રજાઓ માટે સાનુકૂળ રહે એવી સંભાવના છે. વિઝા અને ગ્રીનકાર્ડ મુદ્દે તથા ગરીબ માઈગ્રન્ટ લોકો માટે એ સહાનુભૂતિપૂર્વક વર્તશે એવી આશા જન્મી છે. અમેરિકાને એની નંદવાયેલી ઈમેજમાંથી પુન: વિશ્વની સર્વોચ્ચ મહાસત્તા લેખે પ્રસ્થાપિત કરી, ખંડિત અને વિભાજિત અમેરિકાને એક સૂત્રમાં બાંધવાની ગંભીર અને ઐતિહાસિક જવાબદારી નવી કર્ણધાર બેલડીના શિરે આવી પડી છે. ત્યારે આપણે એમને અંત:કરણપૂર્વક શુભકામનાઓ પાઠવીએ. મજબૂત અમેરિકા એ લોકશાહી વિશ્વની તાતી જરૂરિયાત છે.

# હું ઓનલાઇન છું...



**લવ યુ જિંદગી**
**નિયતી કાપડીયા**

આજની દુનિયા ખૂબ ઝડપી બની ગઈ છે. રાત દિવસ ભાગતો રહેતો માણસ ક્યાંક બે ઘડી રોકાઈ જવા ઈચ્છે છે, જરાક હસવા માંગે છે, એના દિલની વાત કોઈક સાથે શેર કરવા ચાહે છે, પણ અફસોસ ક્યાં જઈને દિલ ઠાલવી શકાય એ જ એ નથી જાણતો.

લોકોને સોશિયલ મીડિયા નામે એક અજીબ રમકડું હાથ લાગી ગયું છે જ્યાં રોજ પોતાના મનનો એંઠવાડ ઠાલવી શકાય છે. જે વાતો ઘરમાં નથી કહી શકાતી એને અજાણ્યા લોકો આગળ મૂકી દેવી સરળ પડે છે. બીજાની જિંદગીમાં શું ચાલી રહ્યું છે એ જાણવું હોય તો એમનું ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ચેક કરી લેવું. મને આ ગમે, આ નથી પસંદથી લઈને આજે અમે અહીંયા ફરવા ગયા કે મારા ઘરમાં આટલા રૂમ છે, આટલા ચમચા ચમચી અને આટલી થાળી વાડકા છે ત્યાં સુધી તમે જાણી શકો છો.

હા, પણ આ દુનિયામાં બિન્દાસ્ત બનીને જીવવા માટે પહેલાં તમારે તમારા બધા ઓળખીતા લોકોને બ્લૉક કરવા પડે કે પછી કોઈ અજાણ્યું નામ, કોઈ અજાણ્યું વ્યક્તિત્વ બનીને અવતરવું પડે જેને આપણે ફેંક આઈડી કહીએ છીએ. કોઈ ના ઓળખતું હોય ત્યાં માણસને શરમ નથી નડતી. એ અંદરથી જેવો છે એવો જ બહાર આવી શકે છે અને એની સામે આખી દુનિયા પડી છે એને જોવા, સાંભળવા માટે. ક્યાંક એના જેવા જ બીજા બે ચાર જણા મળી જાય અને એમનું એક ગ્રુપ તૈયાર થઈ જાય છે. બસ, પછી બધા ભેગા થઈને જે મરજી તે કરી શકે.

અહીંયા અટવાઈ જાય છે મારા તમારા જેવા સામાન્ય માણસો. જે એમના પૂરા પરિવાર સાથે અહીંયા હાજર છે. આપણે આ નવા ગ્રુપ, એમની મસ્તી જોઈ આકર્ષાઈને એમની સાથે ભળવાનો પ્રયાસ કરીએ છીએ અને થોડાક જ સમયમાં લાગે જાણે કોઈ અલગ જ દુનિયામાં આવી ગયા. ક્યાંક એમની મશ્કરી સહન ના થાય તો ક્યાંક એમની અભદ્ર ભાષા. થોડાક જ સમયમાં એ ગ્રુપ, એ મિત્રોને છોડી ફરી બીજા કોઈ સારા લાગતા કે, આપણને ગમતી કળા શીખવતા ગ્રુપમાં જોડાઈએ છીએ. નસીબ જોગ સારા માણસો મળ્યા તો ઠીક, ટકી ગયા નહીંતર અહીંયાથી પણ વટી જવાના. ટૂંકમાં બે ચાર કલાક ઓનલાઈન રહ્યાં બાદ, કેટકેટલીય વાતો વાંચ્યા/લખ્યા બાદ એમ થાય કે ખોટો સમય વેફડ્યો તો ચેતી જજો હજી વખત છે વિચારી જોવાનો.

તમને થતું હશે કે, આ નિયતી પોતે રોજ ઓનલાઈન આવી કંઈનું કંઈ લખ લખ કરે છે અને અમને શું જોઈ સલાહ આપતી હશે? સરસ આવો સવાલ તમારા મનમાં થવો જ જોઈએ અને મારી સફાઈમાં હું કહીશ કે લખવું એ મારું કામ છે અને એ જ હું કરું છું. લોકોના વિચાર, માન્યતા વગેરે જાણવા માટે મારા માટે સોશિયલ મીડિયા બેસ્ટ પ્લેટફોર્મ છે. તમારા વિચારો જાણીને જ તો મને નવી વાર્તા લખવાનો, નવા પાત્રોનું સર્જન કરવાનો વિચાર આવે છે. હું લોકો આગળ મારા વિચાર રજૂ કરું છું, મારું જીવન નહીં.

એક છોકરી નવી નવી ફેસબુકમાં જોડાઈ. અહીંયા કેટલાકની મસ્તીભરી કૉમેન્ટ, પોસ્ટ જોઈ એ આકર્ષાઈ અને એમની સાથે દોસ્તી કરી. એક છોકરા સાથે એ નિયમિત ચેટ કરતી થઈ. છોકરો પણ એકદમ સીધો અને સરળ હોય એવી વાતો કરતો, દુનિયાભરના આદર્શ અને સુવાક્યો ટાંક્યા કરતો અને છોકરી એના પ્રભાવમાં આવતી ગઈ. એક દિવસ વાત વાતમાં એણે એ છોકરાને એના પપ્પાનો ઈમેઈલ પાસવર્ડ કહી દીધો. છોકરાએ ખૂબ જ હોંશિયારીથી વાતો વાતોમાં એ છોકરી પાસેથી એના પપ્પાનું નામ, એમની જનમ તારીખ, એમનો ફોન નંબર વગેરે જાણી લીધેલું અને એક દિવસ એણે એ છોકરીના પપ્પાનો મોબાઈલ હેક કરી એમના ખાતામાંથી ઓનાઈન ટ્રાન્સફર કરી દસ લાખ રૂપિયા તફડાવી લીધા.

છોકરીના પપ્પાએ એમના કામની બધી જ વાતો ફોનમાં સેવ કરી રાખેલી જે પેલા ચોરના હાથમાં આવી ગઈ અને એણે કારીગરી કરી લીધેલી. ઓનલાઈન મળેલા બધા મિત્રો ખરાબ જ હોય છે એવું હું નથી કહી રહી, પણ બધા જ સારા હોય છે એવું માનવું ભૂલભરેલું. તમારા ઘરની કેટલી માહિતી બીજા લોકો સાથે શેર કરવી એ કરતા શું શેર ના કરવું એ જાણવું ખૂબ જરૂરી.

જે લોકો નિયમિત ઓનલાઈન પ્લેટફોર્મ પર કંઈક લખીને મૂકતા હોય એમના આર્ટીકલ જોજો, એ દુનિયાભરની ચર્ચા કરતા હશે છતાં એમના અંગત જીવન વિશે નહીં લખતા હોય.

**અમસ્તું,**

મને જાણવા મારા મનમાં ઉતરવું પડશે,
સોશિયલ મીડિયા પર હું નહિ જ મળું..!

- @kapadianiyati

# ભારતીય યુવા ક્રિકેટર બ્રિગેડે જે કરી બતાવ્યું એ ઈન્ડિયાની સાયકોલોજીકલ વિકટરી હતી



**અબીલ-ગુલાલ**
**મમતા રાવલ**

વાહ ઈન્ડિયા !! શાબાશ ઈન્ડિયા !!
I am proud to be an Indian
I Love My India ફરી-ફરીને, વારં વાર કહેવાનું મન થાય



એવી ઘટનાઓનો દૌર ચાલી રહ્યો છે. કોરોનાની મહામારી સામેની લડતમાં ખૂબજ સમયસર સ્વદેશી રસીનું ઉત્પાદન અને રસીકરણ નો પ્રારંભની ઘટના સલામી ને હક્કદાર છે. અન્ય વિકસિત દેશો સામે હાથ ફેલાવાને બદલે દેશના જ બુધ્ધીધન અને ઉદ્યોગપતિઓને કામે લગાડી દુનિયાભરમાં ભારત દેશનું નામ ગર્વભેર ગુંજતું થવા માટે તમામ ઓથોરીટી અને નાગરિકોને આ માધ્યમથી અભિનંદન.

એક નાનકડા પરિવારમાં અનેક મતભેદ, વાદ વિવાદ હોઈ શકતા હોય તો આવડા મોટા દેશ, કરોડોની વસ્તીમાં નાની મોટી અંધાધૂધી થાય એ સ્વાભાવિક છે. પણ પડકારની ગંભીરતા સમજીને જ્યારે ખમીર બતાવવાનો સમય હોય ત્યારે ભારતીય પ્રજાએ ક્યારેય પાછી પાની નથી કરી એનો ઈતિહાસ ગવાહ છે. અને એ ઈતિહાસમાં આજની પેઢી પણ નવા પાના ઉમેરી રહી છે. એ આપણે હજુ હમણાં એક દિવસ પહેલાં જ જોયું.

ઓસ્ટ્રેલિયા ખાતે રમાયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ટેસ્ટ સીરીઝમાં ઈન્ડિયાનો રોમાંચક વિજય નાની-સૂની ઘટના નથી. ક્રિકેટની દિવાની ભારતીય પ્રજાના દિલોદિમાગને ખુશી થી છલકાવી દેનાર આ વિજય દેશના તંત્રમાં જીવંતતાનો સંચાર કરનાર બની રહેશે એ વાત નક્કી છે. આ વિજય કોઈ સામાન્ય વિજય ન કહી શકાય. જાણીતા ક્રિકેટ એક્સપર્ટ હર્ષા ભોગલેના શબ્દોમાં કહું તો ક્રિકેટના ઈતિહાસમાં ૧૯૮૩ નો વર્લ્ડકપ નો વિજય અને આ ટેસ્ટ સીરીઝમાં વિજય બંને સમકક્ષ મૂકી શકાય એટલા દિલધડક અને ચેલેન્જીંગ બની રહ્યા.

સિરીઝ દરમ્યાન અનેક અવરોધ, પડકાર, સતત માનસિક દબાણ વચ્ચે લગભગ ડૂબી ગયેલી નૈયાને કિનારે, એટલે કે વિજય સુધી પહોંચાડવાનું કામ દેશના યુવાન યોધ્ધાઓ જેવા ક્રિકેટરો એ કર્યું.

**૨૦૦ વર્ષની ગુલામી પછી ફરી પાછો દેશ નવા વિશ્વમાં પહેચાન બનાવવા માટે અગ્રેસર બન્યો છે. દેશ વિશે ઘસાતું બોલીએ નહીં અને સાંભળીએ પણ નહીં. આપણા રાષ્ટ્રીય તહેવાર ૨૬ જાન્યુઆરી નિમિત્તો આ શપથ ચોક્કસ લઇએ.**

ઓસ્ટ્રેલિયા ખાતે ભારતીય ક્રિકેટ ટીમે આ સીરીઝની પહેલી ટેસ્ટ મેચમાં ૩૬ રને ઓલઆઉટ થઈને નામોશી ભરી હાર સ્વીકારવાનો વારો આવ્યો. ક્રિકેટના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી ઓછા રને આઉટ થનાર ટીમ તરીકે ની તકતી લાગ્યા પછી ભલભલાની હિંમત ભાંગી પડે એવી સ્થિતિ સર્જાઇ. સાથે-સાથે ચુનંદા ખેલાડીઓને ઈજાનો દોર સમગ્ર સીરીઝ દરમ્યાન મોરલ ડાઉન કરનારો બની રહ્યો. પહેલી મેચની કારમી હાર પછી કેપ્ટન વિરાટ કોહલીની ગેરહાજરી તો હતી જ એજ સમયે મોહંમદ શમી પણ ઈન્જર્ડ થયા. કેપ્ટનનું સ્થાન અજંક્ય રહાણે એ લીધું અને સારી રીતે નિભાવ્યું. ભારત બીજી ટેસ્ટમેચ જીત્યું. આ સીરીઝ દરમ્યાન નેટ પ્રેક્ટીસ દરમ્યાન સિનીયર બેટ્સમેન કે.એલ.રાહુલ ઈન્જર્ડ થયા. રોહિત શર્મા જે વાઈસ કેપ્ટન હતા તેઓ રુલ મુજબ કોરન્ટાઈનમાં હતા. સિનીયર બોલર્સ ઈશાન શર્મા, ભુવનેશ્વરકુમાર તો ઓલરેડી ઈન્જરીને કારણે ટીમમાં સામેલ નહોતા થઈ શક્યા.

ત્રીજી ટેસ્ટ અત્યંત કટોકટી ભરેલી બની રહી બહુ મોટી લીડ સામે બીન અનુભવી, અને ઈન્જર્ડ ખેલાડીઓ એ ક્રીઝ સાચવીને મેચને ડ્રો સુધી ખેંચી લીધી. એ પણ એવા ઓસ્ટ્રેલિયન બોલર્સ સામે જેમની ગણના વર્લ્ડના ૧૦ બેસ્ટ બોલરોમાં થાય છે. આ તબક્કે ખેલાડીઓ નો જંગ સરહદ પરના જંગ જેટલો જ વિકટ અને પડકારજનક હતો. પરંતુ ભારતીય યુવા ક્રિકેટર બ્રિગેડે જે કરી બતાવ્યું એ ઈન્ડિયાની સાયકોલોજીકલ વિકટરી હતી. શારીરિક રીતે ઈજાગ્રસ્ત અને સાથે પ્રોપર બેટ્સમેન ન હોવા છતાં હનુમા વિહારી ૧૬૦ બોલ અને અશ્વિન ૧૩૦ બોલ સામે જાતને ટકાવીને એક ખેલાડીની માનસિક-શારીરિક તાકાતનો પરચો આપ્યો.

આ મેચ પછી સિનીયર ફાસ્ટ બોલર બુમરાહ, સ્પીનર જાડેજા, અશ્વિન ઈન્જરીને કારણે ટીમમાંથી બહાર થયા. બેટ્સમેન વિહારી પણ એજ કારણ થી બહાર થયા. હજુ છેલ્લી ટેસ્ટમેચ બાકી હતી. આખો દેશ હાર સ્વીકારી ચૂક્યો હતો. કોઈ આશા બાકી ન હોતી.

સૈની, સીરાજ, વોશિંગ્ટન સુંદર, ટી.નટરાજન, શાર્દુલ ઠાકુર જેવા સાવ નવશીખીયા બોલરોને ટીમમાં સ્થાન આપવાની ફરજ પડી. પરંતુ એમણે બતાવેલો જુસ્સો, હિંમત, બહાદુરીને દાદ આપવી પડે. આ બીનઅનુભવી પણ મક્કમ ઈરાદાવાળી ટીમે યંગઈન્ડિયાના મિજાજનો પરચો આપી દીધો. હેટ્સ ઓફ !!

જે મેદાન પર ૩૨ વર્ષથી ઓસ્ટ્રેલિયા કોઈ ટેસ્ટમેચ હાર્યું નથી એ મેદાન પર શાર્દુલ ઠાકુર અને વોશિંગ્ટન સુંદરની ૧૨૩ રનની પાર્ટનરશીપ, સીરાજની ૫ વિકેટ, પૂજારા અને રિષભ પંતના ૮૯ રન, શુભમન ગીલના જોરદાર પરફોર્મન્સ થી ઓસ્ટ્રેલિયાનો એ મેચમાં પરાજય થયો. અને ક્રિકેટ જગતના ઈતિહાસમાં ભારતનું નામ સુવર્ણ અક્ષરે અંકાઈ ગયું.

આ લખતા સમયે પણ સમગ્ર અસ્તિત્વમાં જોમ અને આનંદ અનુભવાય છે. એક ભારતીય તરીકે આપણે આ વિજયને બિરદાવવો જ જોઈએ, એની ઊજવણી પણ કરવી જોઈએ. ભૂતકાળમાં સોને કી ચિડિયા તરીકે મશહુર આપણો ભારત દેશ બૌધ્ધિક, આધ્યાત્મિક, કલા-વિજ્ઞાન તમામ સ્તરે પ્રથમ પંક્તિનું સ્થાન ધરાવે છે. આપણે મોગલો થી શરૂ કરીને અંગ્રેજો સુધીના અનેક આક્રમણોનો સામનો કર્યો છે. ૨૦૦ વર્ષની ગુલામી પછી ફરી પાછો દેશ નવા વિશ્વમાં પહેચાન બનાવવા માટે અગ્રેસર બન્યો છે. ત્યારે નાગરિક તરીકે એમાં જ્યાં અને જેટલું યોગદાન આપી શકાય એટલું યોગદાન ચોક્કસ આપીએ. દેશ વિશે ઘસાતું બોલીએ નહીં અને સાંભળીએ પણ નહીં. આપણા રાષ્ટ્રીય તહેવાર ૨૬ જાન્યુઆરી નિમિત્તે આ શપથ ચોક્કસ લઈએ. પ્રજાની સત્તા સતત બની રહે. આપણી લોકશાહી વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી બને એજ આ પ્રજાસત્તાક દિવસની સહુને શુભેચ્છા. અંતે પ્રભુને પ્રાર્થના કે મારો પ્રત્યેક જન્મ આજ દેશની ધરતી પર હો.

જય હિંદ, જય ભારત...

# માટીના દીવા જેવું છે આ જીવન, તેલ ખતમ, તો... ખેલ ખતમ..!!



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

**ભમો ઝંઝાવાતો,**
**ખમો વજ્રઘાતો, હૃદય પળના દુર્બળ કરો;**
**તમારા માર્ગોમાં અધિક બળિયું પૌરુષ ભરો;**
**નખશિખ નિરાશા પરહરો.**
**યુવાનો સત્કર્મે**
**પ્રજાના આદર્શો પ્રગતિભર ઉદ્ધાર સર્જશે,**
**પ્રયાણોના પંથે વિશદ પુનરુત્થાન ભજશે;**
**શિવ સ્વરુપ સૃષ્ટિ સરજશે.**
**ઊગેલા સ્વપ્નોનું,**
**અધૂરા યત્નોનું જતન કરવા જાગ્રત રહો,**
**નવા સંસ્કારોનું મધુર ગરવું ઓજસ વહો;**
**પરમ પ્રભુ - આદેશ ઊચરો.**
**મહાહેતુ માટે,**
**મહાસિદ્ધિ માટે અડગદિલથી અંત મથવું,**
**ગ્રહીને સંજોગો જગ સકળને શોધી વળવું;**
**અખૂટ ઊલટે લક્ષ્ય રળવું.**
**ઊંડા આંતર્નાદે,**
**ઊંચા આશવાદે યુવકજત હો! રાષ્ટ્ર રચવું.**
**પુરાવા પાયાના ચણતર મહીં પથ્થર થવું;**
**અમર ઈતિહાસે ભળી જવું.**

**- દેશળજી પરમાર**

● ● ●

આ ગીત રચના માત્ર વાંચવાથી નહીં, પણ જો એનું છંદોબદ્ધ ગાન કે મોટા અવાજે ભાવવાહી પઠન કરશો તો જરૂર લોહી ગરમ થતું અનુભવાશે... આ કાવ્ય કૃતિ ભલે જૂની છે પરંતુ આજના સંદર્ભે યુવાધન માટે પ્રેરક છે.

દોસ્તો, એક કપરોકાળ વિતાવ્યો... અદશ્ય વિષાણુએ જગત આખાને બાનમાં લીધું.... માનવજાત ઘૂંટણીયે પડી!!

હવે એવું સ્પષ્ટ લાગે છે કે મજબૂત - ખમતીધર રાષ્ટ્રરચનાની તાતી આવશ્યકતા કદાચ આજ જેટલી અગાઉ કયારેય નહીં હોય...!!

આ પ્રજાસત્તાક રાષ્ટ્રનું ગણતંત્ર પર્વ નજીકમાં આવી રહ્યું છે. આ દેશના જનગણના મનમાં ટૂંકાગાળાનો 'દેશભક્તિનો બુખાર' આવશે. ચારેકોર રાષ્ટ્ર પ્રેમના ગૌરવગાન ગવાશે.... આદર્શ નાગરિકધર્મ બજાવ્યાનો રૂડો ઓડકાર આવી જશે.... ને પછી આવજો આવતી સાલ ઢૂંકડી..!!

દોસ્તો, 'રૈયત'માંથી 'નાગરિક' તરીકે બઢતી મેળવતાં વર્ષો લાગ્યાં... છતાં બહુજન સમાજને 'દોહ્યલો નાગરિક અવતાર' હજુયે સમજાયો નથી. હક્કની વાત આવે ત્યારે 'નાગરિક' ને ફરજ અદા કરવાની વાત થાય ત્યારે 'રૈયત' બની જનારાની સંખ્યા ચિંતાજનક રીતે વધ્યે જાય છે. એક ગાંધીએ અનેક ગાંધી સર્જ્યા... એવું કયારે થશે ?!!

અહીં એક વાત યાદ આવે છે; જાપાનના એક સાહિત્યકાર મુંબઈ આવ્યા હતા. એ સાહિત્યકારને પત્રકારે પ્રશ્ન પૂછ્યો : 'તમારા દેશ ઉપર અણુબોમ્બ ઝીંકાયો, અનેક સુમાનીઓ આવી બધુ ખેદાનમેદાન થઈ ગયું છતાં તમે ફરી બેઠા કેવી રીતે થાવ છો? તમારામાં એવું કયું તત્વ છે કે જે તમે જગતના મંચ ઉપર વટ્ટથી ઊભા રાખે છે? જાપાની સાહિત્યકારે તરત જવાબ આપ્યો : 'અમારી જીભ નથી ચાલતી પણ હાથપગ ચાલે છે. અમારી પ્રાયોરિટી દેશ છે.'

આપણા ભાષણીયા દેશે આ સમજવું રહ્યું. આવું જ બીજું એક ઉદાહરણ...

નોબેલ પુરસ્કારથી સન્માનિત વિશ્વકવિ રવીન્દ્રના ઠાકુર જાપાનના પ્રવાસે હતા. એક વિદ્યાલયમાં તેમને નિમંત્રણ મળ્યું. તેમણેત્યાંના બાળકોને એક પ્રશ્ન પૂછ્યો : 'તમે કયા ધર્મનો માનો છો...?' જવાબ મળ્યો 'બોદ્ધ ધર્મ.' રવીન્દ્રનાથે પૂછ્યું, 'શું તે જાણો છો બુદ્ધ ધર્મના પ્રણેતા મહાત્મા બુદ્ધ ભારતમાં જન્મ્યા હતા?' જવાબ મળ્યો 'જી, હા, અમે જાણીએ છીએ.'

રવીન્દ્રનાથે પછીથી એક બહુ અઘરો સવાલ કર્યો : 'કલ્પના કરો કે મહાત્મા બુદ્ધ સૈન્ય લઈને તમારા દેશ જાપાન પર આક્રમણ કરે તો તમે શું કરો?' એક બાળક સ્ફૂર્તિથી ઊભો થઓ અને ગુસ્સોથી બોલ્યો : અમે બુદ્ધનો સામનો કરીશું. ભગવાન બુદ્ધની બધી જ મૂતિઓઓ ઓગાળીને ગોળીઓ બનાવીશું અને બુદ્ધ તથા તેમની આક્રમણકારી સેનાને કચડી નાખીશું.' કવિવરનું મસ્ત બાળકોની રાષ્ટ્રભક્તિ સામે ઝૂકી ગયું! કદાચ આ રાષ્ટ્રવાદી દષ્ટિકોણના લીધે જ જાપાન આજે પોતાની શકિત વડે દુનિયાને હંફાવે છે.

આપણે આવા રાષ્ટ્રવાદ અને દેશભક્તિના પાઠ કયારે પાકા કરીશું?!!

**સ્પર્શમણિ :**

સત્યને લોહી કાઢી નાખે એવી ધાર નથી હોતી, પણ... આંજી નાખે એવું અજવાળું જરૂર હોય છે.

● ● ●

માટીના દીવા જેવું છે આ જીવન,
તેલ ખતમ, તો... ખેલ ખતમ...!!

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949